## હવે જાગૃતિનો સમય પાકી ગયો છે

લે. ચિ. ગો.૧૦૮ શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)

એકવાર એક ભગવદીયને પૂછ્યું કે "ભાઇ, તમે આટઆટલાં સ્તોત્રોના નિયમિત પાઠ કરો છો, એથી તમને કંઇ ફાયદો ખરો ? ખોટો સમય વેડફવો ને ! " તેઓ જરા ચાકી ગયા અને પ્રત્યુત્તર આપ્યો "જે જે ! આપે આમ કેમ કહ્યું ? શ્રીમદાચાર્યજીએ રચેલાં આ અમૂલ્ય સ્તોત્ર ( ?) પાઠ કરવા એ તો ઉત્તમોત્તમ છે. પ્રભુની દિવ્ય વાણી છે. એ થકી તો અમારા દોષ દુર થાય. સેવામાં ચિત્ત ચોંટે." વગેરે વગેરે એમની ફિલસૂફી મને સંભળાવી. મેં ફરી પુછ્યું : "શું તમે જાણો છો તમે શું પઠન કરો છો ?" તો બોલ્યા : "એ બધી અમને ખબર ન પડે. અમને તો આજ્ઞા થઇ છે કે પાઠ કરવા એટલે કરવા. પ્રભુની વાણી છે."

બસ, આ જ આપણી દશા છે. આજે મોટાભાગે પુષ્ટિમાર્ગીય વૈશ્નવો એવા છે જેઓ પ્રચલિતતાનું વહન કરવામાં જ રોકાયેલા છે. માત્ર પ્રણાલિકા જાળવી પોતાની જાતને ધન્ય માને છે. આ એક કઠોર વાસ્તવિકતા છે. હવે, અહિં એક બીજી બાબત પણ સામે આવે છે કે પ્રચલિતતા અને પ્રણાલિકાનું વહન કરતાં વૈશ્નવો એટલી હદે માનસિક રીતે સંકોચાઇ જાય છે કે એમને પ્રણાલિકા તથા નીતિનિયમોને પાળવામાં અને તે પ્રમાણે સેવા કરવા માત્રમાં એક પ્રકારનો જે આંશિક આનંદ મળે છે એ છોડી નથી શકતા કે નથી એનો વિરોધ સહી શકતા , અને એમાં જ સંપૂર્ણપણે જકડાઇ જાય છે. જ્યારે કોઇ સિધ્ધાંતોની વાતો કરે અને કડવી છતાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય તાત્વિક દર્શનિકતા સાબિત કરવા પ્રયત્ન કરે ત્યાં કેટલાક તો કિંકર્તવ્યવિમૂઢ થઇ જાય છે જ્યારે કેટલાક અહંપોષીઓ તેનો સ્પષ્ટ વિરોધ કરે છે. કેટલી કરૂણતા છે આ ! આજે પુષ્ટિમાર્ગીય વૈશ્નવીજીવનમાં આ માર્ગ એક લૌકિકજીવનનાં અંગ રૂપી બની રહ્યો છે. જેની સૌથી પ્રતિકૂળ અસર તેમનાં બાળકો પર પડે છે. હા , એ જરૂર કહેવું પડે કે એ બાળકો વૈશ્નવીય નીતિ-નિયમો ખુબીપૂર્વક અદા કરે છે. પણ સાથે સાથે સૈદ્ધાંતિક અંધ પણ બને છે. આ જ કારણ છે કે પેઢી દર પેઢી માર્ગના સિધ્ધાંતોની ઓજસતાને અકથ્ય

આંચકા લાગ્યા છે. અને એ ઝંખવાયા-વહેંચાયા કે વિકૃત કરાય છે. જેથી જ આજે દિવ્યતા, ઉચ્ચ આધ્યત્મિકતા કે વિવેકપૂર્ણ નિર્મળ ભાવસહજતા ખોરવાઇ ગઇ છે. પુષ્ટિમાર્ગીય પરમાનંદનીય ઓજસતાનો અનુભવ નથી કરી શકાતો. ક્ષણિક ક્ષુબ્ધ આનંદ મળતાં જ આપણે તૃપ્ત થઇ જઇએ છીએ. અજ્ઞાની એવાં આપણે એ નથી જાણતાં કે પુષ્ટિમાર્ગ એટલે આનંદની પરિસિમા છે ! અને વળી , આ જ સંકુચિતતા તથા રીતરસમો નિભાવવામાં પડેલ આપણે શ્રીમહાપ્રભુજીએ વર્ણવેલા પ્રભુ માટેના તીવ્ર આવેગનો હજારમો અંશ પણ પામવામાં નિષ્ફળ રહીએ છીએ. ઉપરાંત કરૂણતા તો એ છે કે એ પામવાની જિજ્ઞાસા જ મોટાભાગે ખોવાઇ ગઇ છે. કારણ છે સંતુષ્ટી ! આજે વૈશ્નવો સંતુષ્ટ થઇ ગયા છે. તો કેટલાંક કહેવાતાં ભગવદ્ ભક્તો આ જ સંતુષ્ટિને સહારે આસક્તિ અને વ્યસનનો ખોટો ઢોંગ કરી સ્વયંને જ છેતરે છે. આ બધું ત્યાગવું પડશે. અંધકારમાં અપ્રાપ્ય બનેલા હૃદયચક્ષુ ખોલવા પડશે. આપણી પ્રભુપ્રેષિત અલૌકિક સંવેદનાઓ ઢંઢોળવી પડશે. જાગૃતિનું પ્રચંડ આંદોલન મનમાં જગાવવું પડશે. સંકુચિતતા છોડી આપણી સુષુપ્ત મનોદ્રષ્ટિને ખોલીને જિજ્ઞાસાની જ્યોત જલાવવી પડશે. તો જ શ્રીમદાચાર્યચરણનાં અથાગ પરિશ્રમ કે જે આપે દૈવીજીવ ઉદ્ધારાર્થે કર્યો છે, તેને સાચો ન્યાય મળી શકશે. આજે આખું ય જગત યુગની સૌથી મોટી આપત્તિગ્રસ્ત અશાંતિમાં શાંતિ માટે વલખાં મારી રહ્યું છે. આવા કપરા કાળમાં આપણે આપણી સ્વયંની આત્મજ્યોત જલાવી પુષ્ટિસાગરની પ્રશાંત લહેરો પામવાની છે. તો જ હૃદયમાં પ્રભુ પ્રાપ્તિ માટે સ્નેહનો આવેગ પ્રાપ્ત થશે. આ સ્નેહનો નિર્મળ પ્રચંડ આવેગ પ્રાપ્ત કરવો ખુબ કપરો છે. કેટલીક જગ્યાએ આવેગને આવેશ સાથે જોડી દેવામાં આવે છે. પણ આવેશ એ આવેગ દ્વારા પ્રાપ્ત થતી અવસ્થા છે. બ્રહ્મસંબંધ દ્વારા પ્રાપ્ત થતી અવસ્થા છે. બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુનિકટ જવાની યોગ્યતા તો પ્રાપ્ત થાય જ છે જે ખરેખર તો ભક્તિ સહજપ્રેમનું જ પરિણામ છે. પણ આ ભક્તિમય વિરહઆવેગ તો અજ્ઞાનનાં અંધકારનો નાશ થાય ત્યારે જ પ્રાપ્ત થઇ શકે. જે ક્રમે ક્રમે સ્મરણ , કીર્તન તથા સૈદ્ધાંતિક પુનરાવર્તનનાં મનનથીજ પ્રાપ્ત થાય. જુઓ, સિધ્ધાંત એટલે સિધ્ધ + અંત. અંતે સિધ્ધ પ્રસ્થાપિત થયેલું તથ્ય. પુષ્ટિમાર્ગનાં સંદર્ભમાં કહીએ તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મસુત્રો, વેદો ત્યાં ગીતાજીનાં બ્રહ્મ

વાક્યોનાં કઠોર મનોમંથન બાદ અંતે જે સિદ્ધ કર્યું. એ શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદના સરળ સાહજિક રૂપે અસ્તિત્વમાં આવેલાં પુષ્ટિમાર્ગના તથ્યો.

જેમાં ભક્તિ કે જે નિઃસ્વાર્થ અને દીનતા પૂર્વકની હોય તેને સર્વોત્કૃષ્ઠ સ્થાન આપી એને ધારણ કરવાની આજ્ઞા કરાઇ. ભક્તિ સહજ પ્રાપ્ય છે. અને ભક્તિ દ્વારા જ પ્રભુમિલનનું અંતર નિરંતર ઘટે છે. અને આખરે સ્વરૂપાનંદનો અવર્ણનીય લ્હાવો પ્રાપ્ત થાય છે. અને આવેશ રૂપી દુર્લભ અવસ્થા પ્રાપ્ત થાય છે. જો સિદ્ધાંતોની સ્પષ્ટ અને શુદ્ધ સમજ હોય તો અનાયાસે જ આ ભાવો જાગૃત થાય છે. અને લઇ જાય છે પરમાનંદનાં વિશાળ સમુદ્ર ભણી ! પણ આજની પરિસ્થિતિમાં આ બધું તો 'ઝાંઝવાના જળ' જેવું દુર્લભ છે. આજે તો સ્થિતિ એ છે કે નીતિનિયમો, રસમો પ્રણાલિકાઓ કે જે ગૌણ વસ્તુઓ છે, એને જ મુખ્ય લક્ષ બનાવી વૈશ્નવો એવા તે ગુંચવાયા છે કે એમાંથી જ બહાર નીકળવું મુશ્કેલ થઇ પડ્યું છે. અને વધુમાં કેટલાક સ્વાર્થીઓ આ પરિસ્થિતિનો લાભ લઇ પોતાના અહંને પોષવા કે સ્વને સ્થાપવા આમાં નવા નવા તર્કવિતર્કો કરી આ જાળને વધુ અટપટી બનાવી દે છે આપણી વિવેકદ્રષ્ટિ દિશાહીન થઇ ગઇ છે. સૈધ્ધાંતિક સત્યતા શોધવા તથા એના ઊંડાણમાં જવાનું સામર્થ્ય આપણે ખોઇ રહ્યા છીએ. અને ખરૂં કહીએ તો આજે વૈશ્નવને એ ગમતું નથી. કારણ સ્પષ્ટ છે : અત્યારના ઘોર અશાંત યુગમાં સહેજ પણ આનંદનું ટીપું મળે તો એ જ પરમાનંદ સ્વરૂપે ગ્રહણ થાય છે. મેં પહેલાં જે ભગવદીયનો સંવાદ આપ્યો એનો જ દાખલો લ્યો. ખરી રીતે પાઠ કરવા પાછળ શું હેતું છે એની પરવા કર્યા વિના ફક્ત સંસ્કૃતનાં શ્લોકો એ પણ અશુધ્ધ, જેમ ફાવે એમ બોલીને કલાકો પાઠ કરવાનો કોઇ જ મતલબ નથી. એનું પરિણામ શૂન્ય જ આવે. કોઇ લાભનો તો પ્રશ્ન જ નથી રહેતો. હા, યોગનાં નિયમ મુજબ લૌકિક શાંતિ તથા સ્થિરતા જરૂર પ્રાપ્ત થાય. પણ શું આપણે એ માટે વૈશ્નવ બન્યા છીએ ? બ્રહ્મસંબંધ વખતે લીધેલી પ્રતિજ્ઞા ભુલી ગયા કે શું ? અરે, થોડું વિચારીએ-આપણે શું કરી રહ્યા છીએ ? પાઠ કરવાનું માહાત્મ્ય તો સમજીએ ? એ કેટલી અલૌકિક અને પ્રભુનું સન્મુખત્વ પ્રાપ્ત કરાવતી પ્રક્રિયા છે. જો યોગ્ય રીતે એનો ઉપયોગ કરાય તો ! જુઓ પાઠ કરવાનો મુખ્ય હેતુ સૈદ્ધાંતિક મનનનો છે. જેના દ્વારા

ચિત્તની પ્રભુનાં ચરણારવિંદમાં દઢતા વધુ સબળ બને. કોઇપણ અર્થની જાણકારી વિના માત્ર સંસ્કૃત ભાષામાં હોઠ ફફડાવવાથી કંઇ જ પ્રાપ્ત થતું નથી. એમાંય વળી કેટલાંક કહે કે "ભઇ, મહાપ્રભુજીની વાણી છે , એના સ્મરણ માત્રથી ધન્યતા પ્રાપ્ત થાય." હા, સાચું જરૂર જો ખરેખર વાણી હૃદયારૂઢ થઇ જાય તો ! તો 'ભૈયા કયાં કહેના !' ભયો ભયો થઇ જાય. જડતાનાં બંધ દ્વાર ખુલી જાય . અજ્ઞાનનો અંધકાર ઓગળી જાય. પણ...જ્યાં માત્ર ભાષા હૃદયારૂઢ થાય એનું શું કરવું ? ભાષા, અભિવ્યક્તિ અને વાણી ત્રણેય સર્વથા ભિન્ન છે. એ ત્રણેયનો સમન્વય એટલે શ્લોક. મનુષ્યને અત્યંત બુદ્ધિશાળી પ્રાણી કહેવાયો છે. મનુષ્યએ પ્રાણનાં પ્રવાહને નિયંત્રીતક રીતે નાદ ઉત્પન્ન કર્યો. આ નાદમાં વિશિષ્ટવિ ક્ષેપ દ્વારા વિવિધ સ્વર ઉત્પન્ન થયા. જેની વ્યવસ્થિત ગોઠવણી એટલે ભાષા. ભાષા અભિવ્યક્તિનું સાધન છે. અને વાણી એટલે જેનાં દ્વારા મનોભાવ વ્યક્ત થાય એ અભિવ્યક્તિ. હવે કહો, પાઠનું માહાત્મ્ય કેવી રીતે સિદ્ધ થાય ? પુરાતન કાળમાં સંસ્કૃત ભાષા પ્રચલિત હતી એટલે આચાર્યજીએ પોતાનો ઉપદેશ એ ભાષાવિશેષમાં કર્યો. આજે આપણે માત્ર ભાષાને જ મહત્વ આપી પાઠ કર્યા કરીએ તો પછી શ્રીમહાપ્રભુજીની સૈદ્ધાંતિક સમજ આપતી દિવ્ય વાણીનું શું ?

ટુંકમાં જો આપણી મનઃસ્થિતિ સ્પષ્ટ અને નિર્મળ હોય ત્યારે જ સિદ્ધાંતમાં ઊંડા ઉત્તરવાની તથા તેના દ્વારા પુષ્ટિરસપાન કરવાની યોગ્યતા મળે. આ યોગ્યતા મેળવવા ચાલો હવે વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવી આગળ વધીએ.

## વૈષ્ણવનો ધર્મ

**- ગો. ગોકુલેશજી (જુનાગઢ)**

- વૈષ્ણવે સદા પ્રસન્ન રહેવું
- સર્વ સાથે પ્રેમભાવ રાખવો, કોઈ સાથે વેરભાવ ન રાખવો.
- વૈષ્ણવે પ્રાણીમાત્ર પર દયા રાખવી.
- વૈષ્ણવે અભિમાન કદી ન કરવું.
- કદી કોઈનું બુરૂ ન ઈચ્છવું.

- કદી કોઈની નિંદા કરવી નહીં.
- વૈષ્ણવે પરમ શાંત રહેવું.
- ક્રોધ કદાપિ કરવો નહીં.
- વૈષ્ણવે કદી કોઈનો તિરસ્કાર કરવો નહીં કે ન કોઈથી ઇર્ષા દ્વેષ રાખવા.
- વૈષ્ણવે પરોપકારી થવું, ઉદાર થવું, લોભ કદાપિ કરવો નહીં.
- હંમેશા સત્યાગ્રહી રહેવું, જુઠું બોલવું કે કરવું નહીં.
- વૈષ્ણવે વૃથા બોલવું નહીં, સર્વ જગાએથી સદગુણ ગ્રહણ કરવો.
- વૈષ્ણવે નિષ્કામ કર્મ કરવું.
- વૈષ્ણવે નિઃસ્વાર્થ થઈ પ્રભુની ભક્તિ કરવી.
- દીનતા, કેળવવી દાસભાવે રહેવું.
- વૈષ્ણવે સાંસારિક વિષયોમાં આસક્ત થવું નહી.
- વૈષ્ણવે સતત પ્રભુસ્મરણ રાખવું.
- પ્રભુ વિસ્મૃત એક ક્ષણ પણ રહેવું નહીં.
- વૈષ્ણવે સંતોષી રહેવું. પ્રભુ જે આપે તેમાં જ સંતોષ માનવો.
- કૃષ્ણ સેવા નિત્ય કરવી.
- પ્રભુ શ્રીકૃષ્ણમાં જ અનન્યતા રાખવી.
- શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવીદેવતાઓનો આશ્રય કરવો નહીં.
- વૈષ્ણવે 'પ્રભુ શ્રીકૃષ્ણ સર્વસમર્થ છે ' તેઓ સદા તેમના દાસ-શરણસ્થના હિતનું જ કરશે એવી ભાવના હૃદયમાં સ્થિર કરવી.
- મનને સદા પ્રભુના ચરણકમલોમાં લગાડી રાખવું.
- શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન કરી પ્રભુમાં નિષ્ઠા દ્રઢ કરવી.
- વૈષ્ણવે એક માત્ર કામના પ્રભુના દર્શન સંલાપની રાખવી.
- સર્વ જગતને પ્રભુનું સ્વરૂપ સમજી આત્મિયભાવ રાખવો.
- વૈષ્ણવે દુઃખમાં વિચલિત થવું નહીં કે સુખમાં છકી ન જવું.
- વૈષ્ણવે પ્રભુમાં પ્રેમ, આસક્તિ વ્યસન દશા પ્રાપ્ત કવા તત્પર થવું.
- સદા સર્વદા પ્રભુમય જ રહેવું,

આ ભાવથી વૈષ્ણવે રહેવું.

## સત્સંગ પ્રકાર વિજ્ઞાપન

- ગો. ગોકુલેશબાવા (જુનાગઢ)

હરિ નિષ્ઠિતનો સદા સત્સંગ કરવો.

પ્રભુના સ્નેહથી નિર્મોહી-નિઃસ્પૃહ થયેલાનો સદા સત્સંગ કરવો.

પ્રભુલીલા ગાતા ગવડાવતાનો સદા સત્સંગ કરવો.

પ્રભુની વાણીમાં જ પોષણ પામવાનો સદા સત્સંગ કરવો.

પ્રભુપ્રેમમાં વિહ્વળ થયેલાનો સદા સત્સંગ કરવો.

ખરા અંતઃકરણપૂર્વક પ્રભુને સમર્પિત થયેલાનો સદા સત્સંગ કરવો.

પ્રભુશરણભૂષિત ભક્તનો સદા સત્સંગ કરવો.

પ્રભુસ્મરણ આભૂષિત ભક્તનો સદા સત્સંગ કરવો.

હરિકીર્તન નિશદિન કરતાનો સદા સત્સંગ કરવો.

પ્રભુની તાલાવેલી લાગનારનો સદા સત્સંગ કરવો.

પ્રભુના હેતમાં હિતઅહિત ભૂલેલાનો સદા સત્સંગ કરવો.

પ્રભુની કથાથી તોષીત થતાનો સદા સત્સંગ કરવો.

પ્રભુના સ્નેહથી પરમ હર્ષ અનુભવતાનો સદા સત્સંગ કરવો.

પ્રભુની સેવામાં ચિત્ત સદા પ્રવણ રાખતાનો સદા સત્સંગ કરવો.

## ભગવદીયનો ધર્મ

- ગો. ગોકુલેશબાવા, જુનાગઢ

ભગવદીયે કેવી ભાવના રાખવી જોઇએ ? તો કહ્યું છે ભગવદીએ પૃથ્વી સમાન બનવું જોઇએ. પૃથ્વી કેટલું દુઃખ વેઠે છે ! કોઈ ખાડો ખોદે , કોઈ છિદ્રો કરે, કોઈ કંઈ બનાવે, કોઇ કંઈક કરે , આમ છતાં પૃથ્વી બધું જ સહન કરી લે છે. તેને સહેજે રીસ ચડતી નથી. ભગવદીયમાં પણ એવો ગણ હોવો જોઇએ. વળી કહ્યું છે કે ભગવદીયે ઝાડ સમ બનવું જોઇએ. ઝાડ ટાઢ વેઠે છે, તડકો વેઠે છે ને વરસાદ પણ સહન કરે છે. કોઈ ઢેકું

મારે તો ઊલ્ટું ફળ આપે, ભગવદીયમાં પણ આવા ગુણ જોઇએ.

વળી, કહેવાયું છે ભગવદીયે સમુદ્ર જેવું બનવું, એક તો સમુદ્ર સદા માટે પ્રસન્ન રહે છે. તેમાં સદાકાળ પ્રસન્નતાના મોજા ઉછળ્યા કરે છે.ને ઉનાળામાં સમુદ્રમાં કંઈ ઘટે નહીં , ને ચોમાસામાં કંઈ વધે નહીં , તેમ ભગવદીયે લાભ થાય તો પ્રસન્ન ન થવું ને હાનિ થાય તો દુઃખી ન થવું. નિર્લેપભાવે રહેવું. પ્રભુ જે કરશે તે ખરૂં છે તેમ માની કશો વિચાર કરવો નહીં.

વળી, ભગવદીયે ભ્રમર પાસેથી પણ એક અગત્યનો ગુણ ગ્રહણ કરવો. ભ્રમર સર્વ ફુલ પર બેસે પણ ક્યાંય લપેટાય નહીં. માટે તેમાંથી એ ગુણ લેવો કે બધામાંથી સાર ગ્રહણ કરવો ને સંસારમાં લપેટાવું નહીં.

મધમાખીનું દ્રષ્ટાંત છે. મધમાખી બધા ઝાડનો રસ લાવે છે. ત્યારે પારધિ ધુણી કરી મધપૂડામાંથી મધ લઈ જાય છે. તેમ જ સર્વ લોભ કરીને એકઠું કરીએ તો તેનો સર્વનાશ જ થાય. માટે લોભ કદી કરવો નહીં.

વળી, માછલીનું દ્રષ્ટાંત છે, જેમ માછલી કણક ખાવાના મોહે આવે છે અને તેથી તેનો જીવ જાય છે. તેમ મોહ, કામ, ક્રોધ પણ એવા જ લલચાવનારા છે. માટે તેથી બચવું.

## પ્રભુ પ્રાપ્તિ માટેનું એકમાત્ર સાધન વિરહાર્તિ

લેખક : **ચિ. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સમગ્ર શાસ્ત્રોનું મંથન કરી કઠોર પરિશ્રમ ઉઠાવીને દૈવી જીવ ઉદ્ધારાર્થે પુષ્ટિમાર્ગ પ્રક્ટ કર્યો. આ માર્ગના સિદ્ધાંતો અત્યત ગૂઢ તથા અલૌકિક છે. એક એક સિદ્ધાંતમાં અનોખુ તત્વજ્ઞાન ભરેલું છે. આજે શ્રીમદ્ આચાર્યચરણનાં દિવ્ય સિદ્ધાંતો એક જુદા જ સ્વરૂપમાં જોવા મળે છે. આ માર્ગ અત્યારે એક રૂઢી સ્વરૂપે પ્રચલિત થઈ ગયો છે. એટલું જ નહીં પણ એક ફેશન સ્વરૂપે મોટા ભાગે દેખાય છે. લખતાં અત્યંત દુઃખ થાય છે તો પણ લખવું પડે છે કે આ જ કારણે

પુષ્ટિમાર્ગનું વાસ્તવિક સ્વરૂપ તિરોહિત થતું જાય છે. આ માર્ગની ઓજસતા , અલૌકિક સામર્થ્ય અને રસાનંદની અનુભૂતિ કરનારા આજે ગણ્યાગાંઠયા વૈષ્ણવો જ છે. નવી પેઢી આપણાં સંપ્રદાય પ્રત્યે આકર્ષાતી નથી એનું કારણ છે માર્ગમાં ઊભી થયેલી વિસંગતાઓ આજે વૈજ્ઞાનિક યુગ છે. લોકોમાં સાક્ષર ચેતનાનો વિકાસ થઈ રહ્યો છે. અને તેથી જ નવી પેઢી સૈદ્ધાંતિક સ્પષ્ટિકરણ માગે છે. પણ આજે માર્ગના સિદ્ધાંતો વહેંચાઈ ગયા છે. અને તેથી ઘણો ગૂચવાડો ઊભો થયો છે. પરિણામે સંતોષકારક પ્રત્યુત્તર મળતો નથી. તેથી મનમાં ઉદ્વેગ રહે છે.

આવી સ્થિતિમાં બે જ રસ્તા હોય છે. એક માર્ગથી વિમુખ થઈ જવું અને બીજો ગાડરિયા પ્રવાહમાં જોડાઈ જવું. આપણાં પુષ્ટિમાર્ગમાં આપણે રસમય સ્વરૂપની અનુભૂતિ કરવી છે. પણે આજે તો આપણે આ ભૌતિક આનંદમાં જ સંપૂર્ણ પરમાનંદની અનુભૂતિ કરવા લાગ્યા છીએ. પછી પરમાનંદની અનુભૂતિ સુધી કેવી રીતે પહોંચી શકાય ? દિવ્ય પરમાનંદની શોધમાં નીકળેલા આપણે જો અલ્પ આનંદમાં સંતોષ માની લઈએ તો તો આ પુષ્ટિરસનો વાસ્તવિક આનંદ લઈ શકશું ખરા ? અરે, છેલ્લા થોડા વર્ષમાં પુષ્ટિમાર્ગ એક વર્તુળમાં જાણે કેદ થઈને રહી ગયો છે. પ્રણાલિકાઓ અને રૂઢિઓમાં બદ્ધ થઈ ગયો છે, આ કારણે આજે આપણે એનો વાસ્તવિક આનંદ ભોગવી શકતા નથી. આજે આપણે ક્રિયાત્મક સેવા પ્રકારમાં મળતા આનંદથી જ સંતોષ અનુભવીએ છીએ થોડો. વિચાર કરીએ તો આ વાત સમજી શકાશે.

પુષ્ટિમાર્ગનું હાર્દ સેવા છે. પણ આજે મોટા ભાગે સેવા ભાવનાત્મક કરતાં ક્રિયાત્મક ઢબે વધુ જોવામાં આવે છે. ખરી રીતે જોઈએ તો સેવા એટલે પ્રભુમાં તલ્લીનતા મેળવી પ્રભુની વધુને વધુ નિકટ જવું તે (ચેતસ્ત પ્રવણ સેવા) સેવા દ્વારા પ્રેમ , આસકિત અને વ્યસનની ભાવનાને વેગ મળે છે. અને જેથી નિરોધ પ્રાપ્ત થાય છે. આ નિરોધ જ માર્ગનું કેન્દ્રબિંદુ છે. પ્રભુમય બનીને પ્રભુનાં સેવા કિર્તન અને સ્મરણ સિવાય એક ક્ષણ પણ ન જાય અને ફલરૂપ વિપ્રયોગની અવસ્થાની અનુભૂતિ થાય. ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર અનુભવી શકાય. આ માટે સૌથી વધુ જરૂરી છે તીવ્ર આર્તિ.

પણ આજે તો વૈષ્ણવ વ્યસન અવસ્થા સુધી પહોંચી શકવામાં જ અસમર્થ બની ગયા છે. પ.ભ. દામોદરદાસજીએ પણ શ્રીગુસાંઈજીને વિનંતી કરેલી "જે યહ માર્ગ હાંસી ખેલકો નાહીં તાપ કલેશ કો હે."

આજે પ્રભુનાં સ્વરૂપાનંદ માટે જરૂરી સ્નેહાર્તિ ન થવાનું પાયાનું કારણ છે ક્રિયાત્મક સેવા આજે સેવા કરવામાં સ્વસુખ એટલે સ્વાનંદનું પ્રમાણ કંઈક અંશે વધુ રહે છે. અલબત, ભાવના જરૂર છે. પણ સેવા દ્વારા જે વસ્તુ મળવી જોઈએ એ નથી મળતી. એ છે વિરહની ભાવના. મંગલાથી શયન પર્યંત સેવા પહોંચતા કોઈ ભગવદીય વૈષ્ણવ જ્યારે સાંજે પ્રસાદ લેતા હોય ત્યારે તેમની મનોસ્થિતિનું અવલોકન કરીએ તો એમનામાં એક દૈનિક કાર્યાવિધિ પુર્ણ કર્યાંનો આંશિક આનંદ અને સંતોષ હોય છે. મોટા ભાગે આવી પરિસ્થિતિ છે. અનાયાસે પણ આ વસ્તુ અત્યંત સુક્ષ્મ પણે જણાઈ જ આવે છે. આ માટે સૌથી મહત્વની બાબત છે પ્રભુમાં દ્રઢતા અને તાલાવેલી. સ્મરણ અને કિર્તન આધિદૈવીક સેવાની સિદ્ધિ માટે છે. તાપ ભાવપૂર્વક સેવા થતી હોય તો , પ્રભુના સાક્ષાત્કારની ભાવનાનો આંતરિક પ્રવાહ અસ્ખલિત રીતે વહ્યા કરે છે એ પ્રભુ મિલનની ઉત્કટ આર્તિનો ઉદય થાય છે , અને ઉત્તરોત્તર પ્રેમ-આસકિત અને વ્યસન અવસ્થાની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી થતી અલૌકિક દિવ્ય અનુભુતિનું વર્ણન કરવું મુશ્કેલ છે. એતો પ્રભુ જેને કૃપા કરી દાન કરે એજ અનુભવી શકે. આ છે પુષ્ટિમાર્ગની ફલરૂપ અવસ્થા સેવામાં ક્યારેક પ્રતિબંધો પણ આવે છે. પરંતુ પ્રભુ પોતે જ તેની નિવૃત્તિ કરે છે. સેવામાં ત્રણ પ્રકારના પ્રતિબંધો આપે બતાવ્યા છે. ઉદ્વેગ , પ્રતિબંધ અને ભોગ આ પ્રતિબંધોનું નિવારણ અનુગ્રહની રીતે શ્રીવલ્લભ પોતેજ કરે છે.

મુખ્ય વાત તો એજ છે કે પ્રભુમાં સ્નેહ થાય ત્યારથી ફલરૂપ સ્વરૂપાનંદની પ્રાપ્તી સુધી વિરહાગ્નિ પ્રબળ રહેવી જોઈએ. પ્રભુદર્શનની તાલાવેલી અસ્ખલિત વહેવી જોઈએ તીવ્ર તાપ દ્વારા જ સ્વરૂપાનંદનો અનુભવ મેળવી શકાય તેમજ પ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકાય.

ઉપરની વાતો લક્ષમાં રાખીને આપણી સેવા ક્રિયાત્મક નહી પરંતુ તાપભાવ પૂર્વકની અને પ્રભુ સાક્ષાત્કારની ભાવના વાળી હોવી જોઈએ.

**જાણો છો !.....**

- ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ દિવ્ય ષડગુણો કહેવાય છે.
- શ્રીગિરિધરજી ષડગુણ સંપન્ન હતા.
- શ્રીગોવિંદરાયજીમાં ઐશ્વર્યગુણ પ્રગટ હતો.
- શ્રી બાલકૃષ્ણજીમાં વીર્યગુણ પ્રગટ હતો.
- શ્રીગોકુલનાથજીમાં યશગુણ પ્રગટ હતો.
- શ્રીરઘુનાથજીમાં શ્રીગુણ પ્રગટ હતો.
- શ્રીયદુનાથજીમાં જ્ઞાનગુણ પ્રગટ હતો.
- શ્રીઘનશ્યામજીમાં વૈરાગ્યગુણ પ્રગટ હતો.

પ્રસ્તુતિ : ચિ. ગો. **શ્રીગોકુલેશજી મહોદય, જુનાગઢ.**

**સુખાષ્ટકઃ**

રચયિતાઃ- ગો. **શ્રીગોકુલેશબાવા, જુનાગઢ**

હે જીવ,

* દુઃખ આવે ત્યારે પ્રભુના ચરણારવિંદનો દ્રઢ આશ્રય કરી, દરેક દુઃખ સહન કર અને સુખી થા !

* પાપ થઈ ગયું હોય તો પણ પ્રભુના શરણે જઈ, શુદ્ધ ભક્તિ કરી, પાપોથી મુક્ત થા, સુખી થા !

* ભય લાગે ત્યારે પણ પ્રભુશરણે નિશ્ચિત રહી, પ્રભુનું અપાર માહાત્મ્ય સમજી, ભયથી

સુક્ત થા, સુખી થા !

* લૌકિક ઈચ્છાઓ ત્યાગ કરી, અલૌકિક ઈચ્છા પ્રભુમય પોષી, પ્રસન્ન રહે અને સુખી થા !

* ભક્તનો દ્રોહ થઈ જાય તો પ્રભુનું શરણ સ્વિકારી, અહંભાવને નિવારી અને સુખી થા !

* ભક્તિનો અભાવ થાય તો પણ પ્રભુને શરણે જઈ , પ્રભુનું સ્વરૂપ ચિંતન કર અને સુખી થા !

* ભક્તો અપમાન કરે કદાચિત તો પણ, પોતાનો દોષ જ વિચારી, પ્રભુને શરણે જા અને સુખી થા !

* અશક્ય કામમાં કે સુશક્ય કામમાં સદા પ્રભુનું શરણ દૃઢ રાખી , પ્રભુની કૃપાનું સ્વરૂપ સમજ અને સુખી થા !

## મુરલીની ભાવના

**- ગોકુલેશબાવાશ્રી (જુનાગઢ)**

મુરલી પ્રભુને અતિ પ્રિય છે. તે પ્રભુની સહચારિણી છે. જ્યારે પ્રભુ મુરલી અધર પર ધરે છે. ત્યારે સ્વામિનીજીનો ભાવ છે. હસ્તમાં રાખે છે ત્યાં ચંદ્રાવલીજીનો ભાવ છે. કટિમાં રાખે છે ત્યારે કુમારિકાનો ભાવ છે. ક્યારેક આપ મુરલી બજાવે છે ત્યાં પ્રભુ પોતાનું અધરામૃત મુરલી દ્વારા અનુભવ કરાવે છે.

મુરલીમાં સપ્ત રંધ્ર છે. તેમાં ઉપરનું મુખ્ય રંધ્ર શ્રીસ્વામિનીજીના રસપાન અર્થે છે. તથા બાકીના છ રંધ્રમાં પ્રથમ શ્રીચંદ્રાવલીજીના રસપાન અર્થે છે. બીજુ સોળ હજાર અગ્નિ કુમારિકાના રસપાન અર્થે છે. ત્રીજુ ગાયોના રસપાન અર્થે છે. ચોથુ રંધ્ર શ્રીગોવરધનના રસપાન અર્થે છે. પાંચમું રંધ્ર બધા જ પશુ પક્ષી ઈત્યાદિના રસપાન

અર્થે છે. અને છઠ્ઠુ રંધ્ર દેવતાઓના રસપાન અર્થે છે.

મુરલી અંદરથી પોલી છે. તેનો ભાવ એ કે સંસારની સર્વ લૌકિક વૈદિક ઈચ્છાઓ છોડી માત્ર ભક્તિરસ અર્થે પ્રભુ પાસે આવી ત્યારે મુરલીનો શુદ્ધ ભાવ જોઈ પ્રભુએ પોતાના સ્વરૂપાનંદનો ભાવ  અધરામૃત પ્રદાન કર્યું. એ અધરામૃત સંબંધે થઈ આખું વ્રજ રસરૂપ થયું.

## પ્રભુ કેમ મળે ?

- ગો. ગોકુલેશબાવાશ્રીષ જુનાગઢ

પ્રશ્ન છે પ્રભુ  કેમ મળે  ? તો તેનો ઉત્તર છે કે પ્રભુ ક્યારેય જીવના સાધનથી મળતા નથી. ગમે તેટલા જપ કરો, ગમે તેટલું આકરૂં તપ કરો, યોગ કરો, તીર્થ કરો કે યજ્ઞ કરો પણ પ્રભુ મેળવી  શકાતા નથી. સતયુગમાં ઋષિમુનિઓ દસ દસ હજાર વર્ષ તપ કરતા છતાં પ્રભુની એક ઝાંખી પણ  પ્રાપ્ત કરી શકતા નહીં. શ્રુતિ પણ કહે છે ........... પ્રભુ શાસ્ત્રાભ્યાસ, વેદો કે બુદ્ધિથી પ્રાપ્ત થતા નથી પણ પ્રભુ જેનું વરણ કરે છે , જેના પર વિશેષ કૃપા કરે છે  તેને જ પ્રભુપ્રાપ્તિ થાય છે. આ જ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પણ છે. ગીતાજીમાં પણ  પ્રભુ અર્જુનને કહે છે કે તેં જે મારા સ્વરૂપનું દર્શન કર્યું તે બ્રહ્મા  , ઈન્દ્ર અને રૂદ્રને પણ દુર્લભ છે. પ્રભુએ સામેથી કૃપા કરીને અર્જુનને નિમિત્ત બનાવી ગીતાનું દાન કર્યું છે. શ્રીગુસાંઈજીને પણ અકબર બાદશાહે આ જ પ્રશ્ન કર્યો તો કે ઈશ્વર કેમ મળે  ? તો શ્રીગુસાંઈજીએ ઉત્તર આપ્યો હતો કે આ તમે અમને અહિં આવી મળ્યા તેમજ, ત્યાં દિલ્લી આવીને તમને મળવું મુશ્કેલભર્યું છે. અહિં તમે સ્વયં આવી ગયા અને સહજ જ મળી ગયા તે રીતે ઈશ્વર જેને મળવા ઈચ્છે છે તેને તેની પ્રાપ્તિ સહજ થાય છે.

આપણું તો પરમ સૌભાગ્ય છે કે આપણે પુષ્ટિમાર્ગી છીએ. પ્રભુની કૃપાથી જ આપણને પ્રભુની સેવા કરવાનું  સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. આપણી સેવા પ્રભુ સાક્ષાત સ્વિકારે છે અને વૈષ્ણવ પ્રભુને અતિપ્રિય છે. એમાં કોઈ શંકા રાખવી નહીં. ...............

## જન્મસાફલ્યનિરૂપણાષ્ટક

રચયિતા : ગો. ગોકુલેશબાવા, જુનાગઢ

લૌકિક કામ ત્યજી દઈ, ધુંધળુ ધામ ત્યજી દઈ
અલૌકિક દિવ્ય કામ પોષી, જીવન સફલ કરવું. 1
ક્રોધ પર વિજ્ય મેળવી, ઋજુતાની મહેક ભેળવી
પ્રભુપ્રેમ નિષ્કંટક કરી, જીવન સફલ કરવું. 2
લોભ તો દૈત્ય છે, તેને તો તુર્ત જ હણી
માખણચોર નો મોભ મેળવી, જીવન સફલ કરવું. 3
મોહ મમતા સંસાર છોડી, ચિત્તને પ્રભુમાં જોડી
મોહનની મૂરત હૃદયે વસાવી, જીવન સફળ કરવું. 4
મદ તો બહુ દુઃખ આપે, અંધકારના ઓળા સ્થાપે
નમ્રતાથી પ્રભુ શરણે જઈ, જીવન સફલ કરવું. 5
ઈર્ષા-દ્વેષથી પીડા બહુ, મન મોળાના પ્રકાર સહુ
નિઃસ્પૃહતા સંતોષ કેળવી, જીવન સફલ કરવું. 6
ગોપીજનોને ગુરૂ માની, ભક્તિમાર્ગમાં પ્રવૃત રહી
શ્રીવલ્લભઆજ્ઞામાં નિષ્ઠા રાખી, જીવન સફલ કરવું. 7
પ્રભુ સેવામાં રચી રહી, કૃષ્ણ કીર્તનમાં મચી રહી
દૈન્યતાથી સજી રહી, જીવન સફલ કરવું. 8

## ભગવદીયનો ધર્મ

- ગો. ગોકુલેબાવા, જુનાગઢ

ભગવદીયે કેવી ભાવના રાખવી જોઈએ ? તો કહ્યું છે ભગવદીયે પૃથ્વી સમાન બનવું જોઈએ. પૃથ્વી કેટલું દુઃખ વેઠે છે ! કોઈ ખાડો ખોદે , કોઈ છિદ્રો કરે, કોઈ કંઈ બનાવે, કોઈ કંઈક કરે , આમ છતાં પૃથ્વી બધું જ સહન કરી લે છે. તેને સહેજે રીસ ચડતી નથી. ભગવદીયમાં પણ એવો ગુણ હોવો જોઈએ. વળી કહ્યું છે કે ભગવદીયે ઝાડ સમ

બનવું જોઈએ. ઝાડ ડાઢ વેઠે છે, તડકો વેઠે છે ને વરસાદ પણ સહન કરે છે. કોઈ ઢેકું મારે તો ઉલ્ટું ફળ આપે, ભગવદીયમાં પણ આવા ગુણ જોઈએ.

વળી, કહેવાયું છે ભગવદીયે સમુદ્ર જેવું બનવું. એક તો સમુદ્ર સદા માટે પ્રસન્ન રહે છે. તેમાં સદાકાળ પ્રસન્નતાના મોજા ઉછળ્યા કરે છે. ને ઉનાળામાં સમુદ્રમાં કંઈ ઘટે નહીં , ને ચોમાસામાં કંઈ વધે પણ નહીં. તેમ ભગવદીયે લાભ થાય તો પ્રસન્ન ન થવું ને હાનિ થાય તો  દુઃખી ન થવું. નિર્લેપભાવે રહેવુ. પ્રભુ જે કરશે તે ખરૂં છે એમ માની કશો વિચાર કરવો નહિ.

વળી, ભગવદીયે ભ્રમર પાસેથી પણ એક અગત્યનો ગુણ ગ્રહણ કરવો. ભ્રમર સર્વ ફુલ પર બેસે પણ ક્યાંય   લપેટાય નહીં. માટે તેમાંથી એ ગુણ લેવો કે બધામાંથી સાર ગ્રહણ કરવો ને સંસારમાં લપેટાવું નહીં.

મધમાખીનું દ્રષ્ટાંત છે. મધમાખી બધા ઝાડનો રસ લાવે છે. ત્યારે પારધિ ધુણી કરી મધપૂડામાંથી મધ  લઈ જાય છે. તેમ જે સર્વ લોભ કરીને એકઠું કરીએ તો તેનો સર્વનાશ જ થાય. માટે લોભ કદી કરવો નહીં.

વળી, માછલીનું દ્રષ્ટાંત છે. જેમ માછલી કણક ખાવાના મોહે આવે છે અને તેથી તેનો જીવ જાય છે, તેમ મોહ, કામ, ક્રોધ પણ એવા જ લલચાવનારા છે. માટે તેથી બચવું.

## સત્સંગ પ્રકાર વિજ્ઞાપન

**- ગો. ગોકુલેશબાવા (જુનાગઢ)**

હરિ નિષ્ઠિતનો સદા સત્સંગ કરવો.
પ્રભુના સ્નેહથી નિર્મોહી-નિઃસ્પૃહ થયેલાનો સદા સત્સંગ કરવો.
પ્રભુલીલા ગાતા ગવડાવતાનો સદા સત્સંગ કરવો.
પ્રભુની વાણીમાં જ પોષણ પામવાનો સદા સત્સંગ કરવો.
પ્રભુપ્રેમમાં વિહ્વળ થયેલાનો સદા સત્સંગ કરવો.

ખરા અંતઃકરણપૂર્વક પ્રભુને સમર્પિત થયેલનો સદા સત્સંગ કરવો.
પ્રભુશરણભૂષિત ભક્તનો સદા સત્સંગ કરવો.
પ્રભુસ્મરણ આભૂષિત ભક્તનો સદા સત્સંગ કરવો.
હરિકીર્તન નિશદિન કરતાનો સદા સત્સંગ કરવો.
પ્રભુની તાલાવેલી લાગનારનો સદા સત્સંગ કરવો.
પ્રભુના હેતમાં હિતઅહિત ભૂલેલાનો સદા સત્સંગ કરવો.
પ્રભુની કથાથી તોષીત થતાનો સદા સત્સંગ કરવો.
પ્રભુના સ્નેહથી પરમ હર્ષ અનુભવતાનો સદા સત્સંગ કરવો.
પ્રભુની સેવામાં ચિત્ત સદા પ્રવણ રાખતાનો સદા સત્સંગ કરવો.

## શ્રીવલ્લભ વચનામૃત

**- ચિ. ગો. શ્રીગોકુલેશજી મહોદય (જુનાગઢ)**

પ્રભુએ પોતાની સેવા કરાવવા જે સૃષ્ટિ સર્જી, તે પુષ્ટિસૃષ્ટિ છે.
(ભગવદ્રુપસેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ – પુષ્ટિપ્રવાહ મર્યાદા)

પોતપોતાના અધિકાર અનુસાર જ્ઞાન , કર્મ અને ભક્તિ ત્રણેય પ્રકારના માર્ગ ફળ આપનાર છે. પણ હાલ આ કલિયુગમાં ઇષ્ટફલપ્રાપ્તિ નષ્ટ થઇ ગઇ છે. (અધુના તું કલૌ સર્વવિરૂદ્ધાચાર તત્પરાઃ) માટે આ યુગમાં કેવલ શ્રીકૃષ્ણને સેવવાથી જ જીવનું ઇષ્ટ થાય છે. શ્રીકૃષ્ણની સેવા કરવામાં આવે તો કલિયુગ પણ તેને સહાયક બની જાય છે.

સંસારમાં દોષદ્રષ્ટિથી ઉત્પન્ન થયેલ વૈરાગ્ય કે ત્યાગ પુષ્ટિમાર્ગીય નથી , પણ શ્રીકૃષ્ણમાં સ્નેહ થવાથી મેળવાયેલ વૈરાગ્ય જ પુષ્ટિમાર્ગીય છે.

જેમ ખાવું એ શરીરનો ધર્મ છે તેમ જ પ્રભુને ભજવા એ આત્માનો ધર્મ છે. જેમ રોજ ખાવાની જરૂર છે તે જ રીતે રોજ પ્રભુ ભજવાની પણ જરૂર છે.

મનુષ્ય ગમે તે ધર્મ પાળતો હોય તો પણ મનુષ્ય તરીકે તે સત્કાર અને સદભાવને પાત્ર છે.

ધર્મ, ઉંચાપણું – નીચાપણું, જય-પરાજયનો વિષય નથી.

તીર્થયાત્રા પુષ્ટિમાર્ગીય માટે કંઇ પુણ્ય મેળવવા નથી , પણ પ્રભુની લીલાનું દર્શન કરવાર્થે જ છે.

સમગ્ર જગત બ્રહ્માત્મક છે. પ્રભુ પરાત્પરબ્રહ્મ પૂણાનંદ સર્વેશ્વર શ્રીકૃષ્ણનો અંશ છે.

## ભક્તિની મહત્તા

લેખક – **ચિ શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

પરબ્રહ્મ પુર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ એ સ્વરમણાર્થે સૃષ્ટિ રચી. પ્રભુનાં રમણ માટેનાં ત્રણ રૂપો છે. આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક. જેમ ક્રીડાર્થે રમણનાં ત્રણ રૂપો છે તેમ પ્રભુપ્રાપ્તિના પણ ત્રણ માર્ગો કર્મ , જ્ઞાન અને ભક્તિ છે. કર્મ એ આધિભૌતિક માર્ગ છે. તેનાથી આધિભૌતિક જગતમાં પુનર્જન્મ હોય છે અને વિષયાનંદની પ્રાપ્તિ થાય છે. કર્મથી સ્વર્ગાદિ લોકમાં ગતિ છે પણ પુણ્યકર્મનો સંચય ક્ષીણ પામતાં આ જગતમાં તેને પાછા ફરવું પડે છે. જ્ઞાનથી આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાં લય થવાનું ફળ મળે છે. ત્યાંથી પુનરાવૃત્તિ થતી નથી. ત્રીજો માર્ગ ભક્તિનો છે. જે આધિદૈવિક માર્ગ કહેવાય છે. તેનાથી આધિદૈવિક સ્વરૂપ પૂર્ણપુરૂષોત્તમની સાથે અલૌકિક વિગ્રહ (દેહ)થી કૃપાનંદની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાન કરતાં ભક્તિ અધિક છે. તો પણ જ્ઞાનયુક્ત ભક્તિનો આદર કર્યો છે. બ્રહ્મના મહાત્મ્યના જ્ઞાનપૂર્વક સુર્દઢ સ્નેહનું નામ ભક્તિ છે. જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મને જ પરમ ફલ માને છે , જ્યારે ભક્તો અક્ષરબ્રહ્મથી ય પર રસાનંદ પૂર્ણપુરૂષોત્તમની પ્રાપ્તિને પરમ ફલ માને છે. ભક્તજનોને જલમાં સાકરની જેમ પ્રભુમાં લય પામવાથી તેમના મનોરથની સિદ્ધિ થતી નથી. (તેમને સ્વરૂપાનંદ મળતો નથી.) ભક્તિના પણ બે પ્રકાર

છે. સાધનરૂપા અને સાધ્યરૂપા. (ફલરૂપા) સાધનરૂપા ભક્તિ એટલે નવધાભક્તિ. તથા સાધ્યરૂપા એટલે કે ફલરૂપા એટલે પ્રેમલક્ષણા ભક્તિ. આ ભક્તિનો અર્થ શુંદ્ધ સ્નેહભાવ છે જે ઉત્કટતાની ચરમસીમાએ પ્રાપ્ત થતો હોય છે. અને સેવાધિદ્વારા પ્રકટ થાય છે. એટલે જ શ્રીમદ્ આચાર્યચરણ આજ્ઞા કરે છે કે "કૃષ્ણસેવા સદા કાર્યા " "સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપ."સેવા એટલે પ્રભુમાં ચિત્ત પરોવવું. સેવાની ઉચ્ચત્તમ અવસ્થા કે પરમ ફલ માનસી સેવા છે. જેની સાર્થકતા માટે તનુજા અને વિત્તજા સેવા બતાવી છે.

તનુજા સેવાથી મમત્વની નિવૃત્તિ થાય તો જ સાંસારિક આધિ , વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત થવાય. સેવાથી ચિત પ્રભુમાં તલ્લીન બને છે. માનસી સેવા એ જ પ્રેમલક્ષણા ભક્તિનું બીજુ સ્વરૂપ છે. કાવ્યશાસ્ત્રમાં પ્રેમના સ્નેહ, આસક્તિ, વ્યસન તથા તન્મયતા એવા મુખ્ય ચાર પ્રકાર કહ્યા છે. જેમાં સ્નેહનાં દંગરુચિ , સ્મૃતિ, અભિલાષા અને ઉદવેગ એમ ચાર પ્રકાર. આસક્તિનાં ઉન્માદ, વ્યાધિ, અને પ્રલાપ. વ્યસનનાં જડતા અને મૂર્છતા જણાવ્યા છે. આ પછીની અન્તિમ અવસ્થા તે તન્મયતા છે. જે અવસ્થામાં તે ભક્ત વિરહાવસ્થાની છેલ્લી કક્ષામાં હોય છે. કે જેથી પ્રભુ સિવાય તેનો પ્રાણ ચાલી જવાની તૈયારીમાં હોય છે. આ અવસ્થા તન્મયતાની દશા કહેવાય. આ સ્થિતિમાં પ્રભુ પ્રકટ થાય છે. પ્રેમ ભક્તિની સંયોગ અને વિપ્રયોગ અવસ્થાને ફલરૂપ માની છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં મહાપ્રભુજીએ પ્રેમ,આસક્તિ અને વ્યસનની દશા વર્ણવી છે. અને તે દ્વારા ભક્તિની વૃદ્ધિ કેમ થાય તે દશાવ્યું છે. ત્યાં આપ કહે છે કે ગૃહમાં સ્થિત રહીને સ્વધર્મ પરાયણ બની વિક્ષેપ થવા દીધા વગર પ્રભુ કૃષ્ણની સેવા કરવી. આમ કરવાથી જ્યારે પોતાના કામક્રોધાદિક વિકારો તથા સંસારનું મારૂં તારૂં જતું રહે ત્યારે એમ સમજવું કે પ્રભુને માટે સ્નેહ થયો છે.

પછીથી આ સ્નેહ વધીને આસક્તિનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે સંસાર ફીક્કો લાગે છે. ગૃહ ઉપર રુચિ જ રહેતી નથી, પછીથી વ્યસન અવસ્થામાં કૃષ્ણ એ જ પ્રાણ છે એમ જાણીને તેના વગર એક ક્ષણ પણ રહેવાતું નથી. પ્રભુને માટે ઉત્કટ વિરહભાવના એ જ ખરો સન્યાસ છે. વ્રજાંગનાઓમાં આવો ઉત્કટ સ્નેહ હતો માટે તે ખરાં સન્યાસીની

મનાયાં છે. ભક્તિ પરાયણ જીવ તો મુક્તિની પણ કામના કરતો નથી તેને તો પ્રભુની નિકટ જવું છે. અને રાસાદિ લીલાનો સાક્ષાત્કાર કરવો છે. જ્યારે ભક્તની આગળ પ્રભુ પ્રકટ થાય છે ત્યારે ભક્ત તેનાં નેત્રો તથા મનથી શ્રીમુખની સુધાનું પાન કરે છે. અને જેથી ભક્તનાં ચિત્તમાં પરમાનંદનો આવિર્ભાવ થાય છે. ત્યારબાદ કોઈ અલૌકિક અનુભુતિ થાય છે. અને પ્રભુના સ્વરૂપ સાથે સઘળી ઈન્દ્રિયો સહિત એ ભક્ત પ્રભુના દિવ્ય આનંદ ભોગવશે અને ભગવાન તેના સઘળા મનોરથો પુર્ણ કરે છે.

## પ્રભુ પ્રાપ્તિ માટેનું એકમાત્ર સાધન વિરહાર્તિ

લેખક – **ચિ. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સમગ્ર શાસ્ત્રોનું મંથન કરી કઠોર પરિશ્રમ ઉઠાવીને દૈવી જીવ ઉદ્ધારાર્થે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. આ માર્ગના સિદ્ધાંતો અંત્યત ગૂઢ તથા અલૌકિક છે. એક એક સિદ્ધાંતમાં અનોખુ તત્વજ્ઞાન ભરેલું છે. આજે શ્રીમદ્ આચાર્યચરણનાં દિવ્ય સિદ્ધાંતો એક જુદા જ સ્વરૂપમાં જોવા મળે છે. આ માર્ગ અત્યારે એક રૂઢી સ્વરૂપે પ્રચલિત થઈ ગયો છે. એટલું જ નહીં પણ એક ફેશન સ્વરૂપે મોટા ભાગે દેખાય છે. લખતાં અત્યંત દુઃખ થાય છે તો પણ લખવું પડે છે કે આ જ કારણે પુષ્ટિમાર્ગનું વાસ્તવિક સ્વરૂપ તિરોહિત થતું જાય છે. આ માર્ગની ઓજસતા , અલૌકિક સામર્થ્ય અને રસાનંદની અનુભૂતિ કરનારા આજે ગણ્યાગાંઠ્યા વૈષ્ણવો જ છે. નવી પેઢી આપણાં સંપ્રદાય પ્રત્યે આકર્ષાતી નથી એનું કારણ છે માર્ગમાં ઊભી થયેલી વિસંગતાઓ આજે વૈજ્ઞાનિક યુગ છે. લોકોમાં સાક્ષર ચેતનાનો વિકાસ થઈ રહ્યો છે. અને તેથી જ નવી પેઢી સૈદ્ધાંતિક સ્પષ્ટિકરણ માગે છે. પણ આજે માર્ગનાં સિદ્ધાંતો વહેંચાઈ ગયા છે. અને તેથી ઘણો ગૂચવાડો ઊભો થયો છે. પરિણામે સંતોષકારક પ્રત્યુત્તર મળતો નથી. તેથી મનમાં ઉદ્વેગ રહે છે.

આવી સ્થિતિમાં બે જ રસ્તા હોય છે. એક માર્ગથી વિમુખ થઈ જવું અને બીજો ગાડરિયા પ્રવાહમાં જોડાઈ જવું. આપણાં પુષ્ટિમાર્ગમાં આપણે રસમય સ્વરૂપની અનુભૂતિ કરવી છે. પણે આજે તો આપણે આ ભૌતિક આનંદમાં જ સંપૂર્ણ પરમાનંદની

અનુભુતિ કરવા લાગ્યા છીએ. પછી પરમાનંદની અનુભૂતિ સુધી કેવી રીતે પહોંચી શકાય ? દિવ્ય પરમાનંદની શોધમાં નિકળેલા આપણે જો અલ્પ આનંદમાં સંતોષ માની લઈએ તો તો આ પુષ્ટિરસનો વાસ્તવિક આનંદ લઈ શકશું ખરા ? અરે, છેલ્લા થોડા વર્ષમાં પુષ્ટિમાર્ગ એક વર્તુળમાં જાણે કેદ થઈને રહી ગયો છે. પ્રણાલિકાઓ અને રૂઢિઓમાં બદ્ધ થઈ ગયો છે, આ કારણે આજે આપણે એનો વાસ્તવિક આનંદ ભોગવી શકતા નથી. આજે આપણે ક્રિયાત્મક સેવા પ્રકારમાં મળતા આનંદથી જ સંતોષ અનુભવીએ છીએ થોડો. વિચાર કરીએ તો આ વાત સમજી શકાશે.

પુષ્ટિમાર્ગનું હાર્દ સેવા છે. પણ આજે મોટા ભાગે સેવા ભાવનાત્મક કરતાં ક્રિયાત્મક ઢબે વધુ જોવામાં આવે છે. ખરી રીતે જોઈએ તો સેવા એટલે પ્રભુમાં તલ્લીનતા મેળવી પ્રભુની વધુને વધુ નિકટ જવું તે (ચેતસતત પ્રવણ સેવા) સેવા દ્વારા પ્રેમ , આસક્તિ અને વ્યસનની ભાવનાને વેગ મળે છે. અને જેથી નિરોધ પ્રાપ્ત થાય છે. આ નિરોધ જ માર્ગનું કેન્દ્રબિંદુ છે. પ્રભુમય બનીને પ્રભુનાં સેવા કિર્તન અને સ્મરણ સિવાય એક ક્ષણ પણ ન જાય અને ફલરૂપ વિપ્રયોગની અવસ્થાની અનુભુતિ થાય. ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર અનુભવી શકાય. આ માટે સૌથી વધુ જરૂરી છે તીવ્ર આર્તિ પણ આજે તો વૈષ્ણવ વ્યસન અવસ્થા સુધી પહોંચી શકવામાં જ અસમર્થ બની ગયા છે. પ. ભ. દામોદરદાસજીએ પણ શ્રીગુસાંઈજીને વિનંતી કરેલી જે યહ માર્ગ હાંસી ખેલકો નાહીં તાપ કલેશ કો હે.

આજે પ્રભુનાં સ્વરૂપાનંદ માટે જરૂરી સ્નેહાર્તિ ન થવાનું પાયાનું કારણ છે ક્રિયાત્મક સેવા, આજે સેવા કરવામાં સ્વમુખ એટલે સ્વાનંદનું પ્રમાણ કંઈક અંશે વધુ રહે છે. અલબત, ભાવના જરૂર છે. પણ સેવા દ્વારા જે વસ્તુ મળવી જોઈએ એ નથી મળતી. એ છે વિરહની ભાવના. મંગલાથી શયન પર્યંત સેવા પહોંચતા કોઈ ભગવદીય વૈષ્ણવ જ્યારે સાંજે પ્રસાદ લેતા હોય ત્યારે તેમની મનોસ્થિતિનું અવલોકન કરીએ તો એમનામાં એક દૈનિક કાર્યાવિધિ પુર્ણ કર્યાનો આશિક આનંદ અને સંતોષ હોય છે. મોટા ભાગે આવી પરિસ્થિતિ છે. અનાયાસે પણ આ વસ્તુ અત્યંત સુક્ષ્મ પણે જણાઈ જ

આવે છે. આ માટે સૌથી મહત્વની બાબત છે પ્રભુમાં  દૃઢતા અને તાલાવેલી. સ્મરણ અને કિર્તન આધિદૈવિક સેવાની સિદ્ધિ માટે છે. તાપ  ભાવપૂર્વક સેવા થતી હોય તો , પ્રભુના સાક્ષાત્કારની ભાવનાનો આંતરિક પ્રવાહ અસ્ખલિત  રીતેવહ્યા કરે છે એ પ્રભુ મિલનની ઉત્કટ આર્તિનો ઉદય થાય છે , અને ઉત્તરોત્તર પ્રેમ-આસક્તિ અને વ્યસન અવસ્થાની પ્રાપ્તિ થાય છે. અને ત્યાર પછી થતી અલૌકિક દિવ્ય  અનુભૂતિનું વર્ણન કરવું મુશ્કેલ છે. એતો પ્રભુ જેને કૃપા કરી દાન કરે એજ અનુભવી  શકે. આ છે પુષ્ટિમાર્ગની ફલરૂપ અવસ્થા સેવામાં ક્યારેક પ્રતિબંધો પણ આવે છે. પરંતુ પ્રભુ પોતે જ તેની નિવૃત્તિ કરે છે. સેવામાં ત્રણ પ્રકારના પ્રતિબંધો આપે બતાવ્યો  છે ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ આ પ્રતિબંધોનું નિવારણ અનુગ્રહની રીતે શ્રીવલ્લભ પોતેજ  કરે છે.

મુખ્ય વાત તો એજ  છે કે પ્રભુમાં સ્નેહ થાય ત્યારથી ફલરૂપ સ્નરૂપાનંદની પ્રાપ્તી સુધી વિરહાગ્નિ  પ્રબળ રહેવી જોઈએ. પ્રભુદર્શનની તાલાવેલી અસ્ખલિત વહેવી જોઈએ તીવ્ર તાપ દ્વારા જ  સ્વરૂપાનંદનો અનુભવ મેળવી શકાય તેમજ પ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકાય.

ઉપરની વાતો લક્ષમાં રાખીને આપણી સેવા ક્રિયાત્મક નહીં પરંતુ તાપભાવ પૂર્વકની અને પ્રભુ સાક્ષાત્કારની ભાવના વાળી હોવી જોઈએ.

## જો કૃષ્ણસેવા જ સર્વોત્તમ છે

**લે. ગો. ચિ. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

ગીતાજીમાં  દૈવીજીવ અને આસુરીજીવ એમ બે પ્રકારનાં જીવ બતાવાયા છે. જ્યારે આસુરીજીવ અર્થાત્  દૈત્યલોકો શ્રેષ્ઠ માર્ગમાં પ્રવૃત થવા લાગે ત્યારે તેમને મોહ કરાવવા સારૂ ભગવાને બૌધ્ધાવતાર ધારણ કર્યો અને ધર્મનું મૂળ જે વેદ , તેની નિંદા કરી. અને દેવતાઓને પણ આજ્ઞા કરી તમે પણ પુરાણોની નિદાં કરીને અસુરોને મોહ કરાવો. ત્યારે દેવતાઓએ પણ  પ્રભુની પ્રેરણાને આધિન થઈ ઋષિકુળોમાં જન્મ લઈ

નિંદાવેષ ધારણ કરી વૈશેષિક ન્યાય , માયાવાદ, ચાર્વાક, નિરિશ્વર સાંખ્ય આદિ ખોટાશાસ્ત્રો બનાવ્યા. આ શાસ્ત્રોમાં જેવી બાબતો લખી છે કે તેનાં અધ્યયનથી જીવની બુદ્ધિ બગડી જાય અને એ જ શાસ્ત્રવિશેષમાં પ્રવૃત્ત થવા લાગે. અહિં કોઈ શંકા કરે કે જો ન્યાય માયાવાદ વગેરે શાસ્ત્ર જીવને વિષમબુદ્ધિમાં મોક્ષફલ આદિનું વર્ણન કેમ ? તો મોક્ષ દેવા માટે ચાર વેદ તેમજ અષ્ટદશ પુરાણ વિદ્યમાન છે જ. પછી તેને છોડી પોતાની બુદ્ધિ અનુસાર નવા નવા મોક્ષસાધનો એમાં બતાવાયા છે એ જ સાબિત કરે છે કે આ શાસ્ત્રો અવશ્ય જ જીવને મોહ કરાવનારા છે.

પ્રથમ મોહકશાસ્ત્ર બનાવવાની આજ્ઞા પ્રભુએ શિવજીને કરી. આ બાબત વારાહપુરાણમાં રૂદ્રગીતામાં લખી છે. જે "ત્વંચ રૂદ્ર, માહાબાહો મોહશાસ્ત્રાણિ કારય " અર્થાત હે રૂદ્ર, તમે મોહક શાસ્ત્ર બનાવો. ત્થા પદ્મપુરાણમાં પણ લખ્યું છે. જે "સ્વાગમૈઃ કલ્પિતૈસ્ત્વંચજનાન્મદ્વિમુખાન્કુરૂ" ભગવાન આજ્ઞા કરે છે કે હે શિવ , તમે પોતાના બનાવેલા શાસ્ત્રોથી મનુષ્યોને મારાથી વિમુખ કરો. ત્યારે શિવજીએ આજ્ઞા શિરોધાર કરીને મોહક શાસ્ત્રો બનાવ્યા. તેનું પ્રમાણ પદ્મપુરાણનાં ઉત્તરખંડમાં લખ્યું છે. "મચ્છત્યાવેશિતૈર્વિપ્રૈઃ સંપ્રોક્ષ્માનિ તતઃપરમ્ " આથી નિશ્ચિત થયું કે ઋષિલોકોએ ભ્રમ કરાવવા થકી શાસ્ત્રો બનાવી જેમ બને તેમ મનુષ્યને કૃષ્ણવિમુખ કરવા પ્રયત્ન કર્યો છે.

આ જ જ્ઞાની મનુષ્યની મોટી ભુલ છે અને અહિં જ એ ઠગાઈ જાય છે. જે જ્ઞાનવાન થઈને પણ શાસ્ત્રોને વાંચીને પણ અને સેવા કરવાનું સામર્થ્ય પામીને પણ શ્રીકૃષ્ણની સેવા નથી કરતાં. જો કે મોહકશાસ્ત્રો બનાવનારા ઋષિલોકો મનુષ્યને જબરદસ્તી પોતપોતાના બનાવેલા શાસ્ત્રમાં પ્રવૃત્ત કરતા નથી. પણ મંદભાગી જીવ પોતાનાં મનથી જ ખોડા શાસ્ત્રોમાં પ્રવૃત્ત થઈ જાય છે. આ જીવો પોતાના કર્માનુસાર સદા સંસાર ચક્રમાં ભમતા રહે છે.

અહિં એક બીજી શંકા પણ થાય કે જે શાસ્ત્રો ભ્રામક કહો છો, એ શાસ્ત્રોમાં પણ ક્યાંક તો બ્રહ્મજ્ઞાનનું વર્ણન છે , ક્યાંક કર્મનું વર્ણન છે. ક્યાંક ભક્તિનું પણ વર્ણન છે , તો એ

શાસ્ત્રોને મોહકશાસ્ત્રો કહો એ કેમ બને ? તો તેના નિવારણમાં કહેવાનું કે એ શાસ્ત્રોમાં જ્યાં જ્ઞાનનું વર્ણન કરાયું છે ત્યાં 'તત્વમસિ' (અર્થાત્ તુ બ્રહ્મ છો) ઈત્યાદિ વાક્યોના ઉપદેશ માત્રથી બ્રહ્મજ્ઞાન થઈ જાય છે એ રીતે કહેવાથી જ્ઞાનરહિત ભોળા મનુષ્યને ભોળવાયો છે. જો તું બ્રહ્મ છો એમ કહેવા માત્રથી જ બ્રહ્મજ્ઞાન થઈ જતું હોય તો જેને આ ઉપદેશ તેના ગુરૂએ કર્યો હોય એ શિષ્યને જગતના સર્વપદાર્થનું જ્ઞાન થઈ જવું જોઈએ. અર્થાત્ એ ભાઈસાબ અહિં બેઠા બેઠા જ બધી જગાનું ભૂતભવિષ્ય વૃત્તાન્ત કહી દે. કારણકે સર્વજ્ઞાત થઈ જવું એ બ્રહ્મજ્ઞાનીની નિશાની છે. એક વેદ શ્રુતિ કહે છે કે "યસ્મિન્વિદિતે સર્વમિદં વિદિતં ભવતિ " આ મુજબ બ્રહ્મજ્ઞાન થવાથી સર્વજ્ઞાન થઈ જાય છે.

આ જ રીતે જ્યાં એ મોહકશાસ્ત્રોમાં ભક્તિનું વર્ણન છે ત્યાં ભગવાનની ભક્તિને મુખ્ય ફળ નથી બતાવાઈ. કેવળ જ્ઞાનપ્રાપ્તિ માટે જ ભક્તિ કરવી અને જ્યાં સુધી જ્ઞાન ન હોય ત્યાં સુધી ભક્તિ કરવી અને જ્ઞાન થયા બાદ પછી ભક્તિનું કંઈ કામ નહીં , શુદ્ધ પરબ્રહ્મની ભક્તિ ન થઈ શકે. ભાવના કલ્પિત અર્થાત્ પોતાની બુધ્ધિ કલ્પિત , ભગવાનના સ્વરૂપની જ ભક્તિ થાય , આવું બધું માને છે. માટે એમના બતાવાયેલા માર્ગ પર ભક્તિમાર્ગ પર ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે પ્રભુની સેવા નથી કરાવી, પણ જ્ઞાન માટે કરાય છે. એ ભક્તિથી પ્રભુ પ્રસન્ન થતા નથી. અને ભક્તિ તો તે જ કહેવાય જેથી પ્રભુ પ્રસન્ન થાય .કારણ કે "ભક્ત્યૈવ સુષ્ટિ મભ્યેતિ " ભગવાન ભક્તિ દ્વારાજ પ્રસન્ન થાય છે. ભક્તિનિષ્ઠા ત્યારે જ થઈ જાણવીજ્યારે પ્રભુ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય. મોહકશાસ્ત્રોની રીતે જે વર્તે એ જ્ઞાન, કર્મ, ભક્તિ આ ત્રણેયમાંથી કંઈજ સંપૂર્ણપણે સિધ્ધ કરી શકતો નથી. અને પૂર્ણસિધ્ધિ સિવાય ફળપ્રાપ્તિ તો ક્યાંથી થાય ? કોઈ તરવૈયો આખી નદી તરીને માત્ર નજીવા દુરથી ડુબી જાય તો તેનો પરિશ્રમ વ્યથા જ જાયને ?

આમ નિષ્કર્ષ એ થયો કે વેદશાસ્ત્ર અનુસાર સાધન કરે તે જ જ્ઞાન , ભક્તિ કે કર્મ પુરા થાય છે. સિધ્ધ થાય છે. માત્ર પ્રતિષ્ઠા માટે શાસ્ત્રોનાં મન ફાવે એમ અર્થ કરવાથી કશું

જ ન નિપજે વળી, સિધ્ધાન્તો નેવે મુકીને મનમાન્યા થોડા થોડા જ્ઞાન , કર્મ કે ભક્તિ કરવી પણ નિરર્થક જ છે.

આ જ રીતે પોતાના  અધિકાર અનુસાર જ્ઞાન , કર્મ તથા ભક્તિ પોતપોતાના ફળ આપવાવાળા છે. આજે માનવી કાળના  વિપરીતપણાથી પેઢી દર પેઢી સદાચારહીન થતો જાય છે, તથા નિષિદ્ધાચારમાં પ્રવૃત છે. તેથીજ તે જ્ઞાનક્રમાદિના અધિકારી નથી. કેમ કે "આચારહીન મનુષ્યને વેદ પણ પવિત્ર કરી શકતા નથી" માટે ભક્તિ કરીને જે પુરૂષ રસેશ્વર પ્રભુ શ્રીકૃષ્ણની સેવા કરે તેને આ  ઘોર કલિયુગ ફળદાયી છે.  "કલૌ તદ્હરિકીર્તનાત્" ભાગવતમાં જેમ કહ્યું છે કે , કલિયુગમાં કિર્તનાદિ ભક્તિથી ભગવદ્ પ્રાપ્તિ થાય છે. જે રીતે જ્ઞાનના તથા કર્મના અધિકારી  અત્યારના જીવ નથી તે જ પ્રમાણે ભક્તિ માટે પણ અત્યારના જીવ લાયક રહ્યા નથી. માટે જ  અનાધિકારી જીવોને પણ કૃપા દ્વારા મુક્ત કરાવવા માટે પરબ્રહ્મ પુર્ણપુરૂશોત્તમ શ્રીકૃષ્ણ પ્રગટ્યા છે અને પોતાના પ્રમેય બળથી અર્થાત્ પોતાના અદભૂત સામર્થ્યથી  અનાધિકારી જીવ વ્રજના પશુ, પક્ષી, ગોપગોપી આદિને પણ પરમ ફળનું દાન કર્યું. માટે  કૃષ્ણભક્તિ બધા જ જીવોએ અવશ્ય કરવી જોઈએ એ વસ્તુ સિદ્ધ થાય છે.

બધા જ વેદ વાક્યો તથા ગીતાજીના બ્રહ્મ વાક્યો ભિન્ન ભિન્ન રીતે આ જ વસ્તુ કહે છે. મુખ્ય વસ્તુ આ જ છે. બીજા પ્રકારના મત છે એ તો પોત પોતાના આગ્રહ દ્વારા નિરૂપાયા છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી પણ આજ્ઞા કરે છે કે શ્રી ભાગવત તથા ગીતાજી પહેલેથી જ વિદ્યમાન છે. પછી અમારે ગ્રન્થ કરવાની કોઈ આવશ્યકતા જ નથી રહેતી. પણ અનેક મતોનાં પ્રચાર થવાથી  સંદેહમાં પડીને દૈવીજીવો પણ હરિની સેવાથી બહિર્મુખ થતાં જાય છે , માટે જ આવા જીવોને  યોગ્ય માર્ગ દેખાડવા પુષ્ટિમાર્ગનું પ્રાગટ્ય થયું છે.

**હવે જાગૃતિનો સમય પાકી ગયો છે**

લે ચિ. ગો. **શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

એક વાર એક ભગવદીયને પૂછ્યુ કે "ભાઈ તમે આટઆટલા સ્તોત્રોના નિયમિત પાઠ કરો છો, એથી તમને કંઈ ફાયદો ખરો ? ખોટો સમય વેડફવો ને ! ' તેઓ જરા ચાંકી ગયા અને પ્રત્યુંત્તર આપ્યો "જે જે ! આપે આમ કેમ કહ્યું ? શ્રીમદાચાર્યજીએ રચેલાં આ અમૂલ્ય સ્તોત્ર (?) પાઠ કરવા એ તો ઉત્તમોત્તમ છે. પ્રભુજીની દિવ્ય વાણી છે. એ થકી તો અમારા દોષ દુર થાય. સેવામાં ચિત્ત ચોંટે." વગેરે વગેરે એમની ફિલસૂફી મને સંભળાવી. મેં ફરી પૂછ્યું "શું તમે જાણો છો તમે શું પઠન કરો છો ?" એ સ્તોત્રનું હાર્દ અનુભૂત કરી શકો છો ?" તો બોલ્યા "એ બધી અમને ખબર ન પડે. અમને તો આજ્ઞા થઈ છે કે પાઠ કરવા એટલે કરવા. પ્રભુની વાણી છે."

બસ, આ જ આપણી દશા છે. આજે મોટાભાગે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો એવા છે જેઓ પ્રચલિતતાનું વહન કરવામાં જ રોકાયેલા છે. માત્ર પ્રણાલિકા જાળવી પોતાની જાતને ધન્ય માને છે. આ એક કઠોર વાસ્તવિકતા છે. હવે, અહિં એક બીજી બાબત પણ સામે આવે છે કે પ્રચલિતતા અને પ્રણાલિકાનું વહન કરતાં વૈષ્ણવો એટલી હદે માનસિક રીતે સંકોચાઈ જાય છે કે એમને પ્રણાલિકા ત્થા નીતિનિયમોને પાળવામાં અને તે પ્રમાણે સેવા આનંદ મળે છે એ છોડી નથી શકતા કે નથી એનો વિરોધ સહી સકતા , અને એમાં જ સંપૂર્ણપણે જકડાઈ જાય છે. જ્યારે કોઈ સિધ્ધાંતોની વાતો કરે અને કડવી છતાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય તાત્વિક દર્શનિકતા સાબિત કરવા પ્ર.ત્ન કરે ત્યાં કેટલાક તો કર્તવ્યવિમૂઢ થઈ જાય છે જ્યારે કેટલાક અહંપોષીઓ તેનો સ્પષ્ટ વિરોધ કરે છે. કેટલી કરૂણતા છે આ ! આજે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવીજીવનમાં આ માર્ગ એક લૌકિકજીવનનાં અંગ રૂપી બની રહ્યો છે. જેની સૌથી પ્રતિકૂળ અસર તેમનાં બાળકો પર પડે છે. હા , એ જરૂર કહેવું પડે કે એ બાળકો વૈષ્ણવીય નીતિ નિયમો ખુબીપૂર્વક અદા કરે છે. પણ સાથે સાથે સૈદ્ધાંતિક અંધ પણ બને છે.

આ જ કારણ છે કે પેઢી દર પેઢી માર્ગનાં સિદ્ધાંતોની ઓજસતાને અકથ્ય આંચકા લાગ્યા છે. અને એ ઝંખવાયા-વહેંચાયા કે વિકૃત કરાયા છે. જેથી જ આજે દિવ્યતા , ઉચ્ચ આધ્યત્મિકતા કે વિવેકપૂર્ણ નિર્મળ ભાવસહજતા ખોરવાઈ ગઈ છે. પુષ્ટિમાર્ગીય

પરમાનંદનીય ઓજસતાનો અનુભવ નથી કરી શકાતો. ક્ષણિક ક્ષુબ્ધ આનંદ મળતાં જ આપણે તૃપ્ત થઈ જઈએ છીએ. અજ્ઞાની એવા આપણે એ નથી જાણતાં કે પુષ્ટિમાર્ગ એટલે આનંદની પરિસીમા છે ! અને વળી આ જ સંકુચિતતા તથા રીતરસમો નિભાવવામાં પડેલ આપણે શ્રીમહાપ્રભુજીએ વર્ણવેલા પ્રભુ માટેના તીર્વ આવેગનો હજારમો અંશ પણ પામવામાં નિષ્ફળ રહીએ છીએ. ઉપરાંત કરૂણતા તો એ છે કે એ પામવાની જિજ્ઞાસા જ મોટાભાગે ખોવાઈ ગઈ છે. કારણ છે સંતુષ્ટી ! આજે વૈષ્ણવો સંતુષ્ટ થઈ ગયા છે. તો કેટલાંક કહેવાતાં ભગવદ્ ભક્તો આ જ સંતુષ્ટિને સહારે આસક્તિ અને વ્યસનનો ખોટો ઢોંગ કરી સ્વયંને જ છેતરે છે. આ બધું ત્યાગવું પડશે. અંધકારમાં અપ્રાપ્ય બનેલા હૃદયચક્ષુ ખોલવા પડશે. આપણી પ્રભુપ્રોષિત અલૌકિક સંવેદનાઓ ઢંઢોળવી પડશે. જાગૃતિનું પ્રચંડ આંદોલન મનમાં જગાવવું પડશે. સંકુચિતતા છોડી આપણી સુષુપ્ત મનોર્દષ્ટિને ખોલીને જિજ્ઞાસાની જ્યોત જલાવવી પડશે. તો જ શ્રીમદાચાર્યચરણનાં અથાગ પરિશ્રમ કે જે આપે દૈવીજીવ ઉદ્ધારાર્થે કર્યો છે, તેને સાચો ન્યાય મળી શકશે. આજે આખું ય જગત યુગની સૌથા મોટી આપત્તિગ્રસ્ત અશાંતિમાં શાંતિ માટે વલખાં મારી રહ્યું છે. આવા કપરા કાળમાં આપણે આપણી સ્વયંની આત્મજ્યોત જલાવી પુષ્ટિસાગરની પ્રશાંત લહેરો પામવાની છે. તો જ હૃદયમાં પ્રભુ પ્રાપ્તિ માટે સ્નેહનો આવેગ પ્રાપ્ત થશે. આ સ્નેહનો નિર્મળ પ્રચંડ આવેગ પ્રાપ્ત કરવો ખુબ કપરો છે.

કેટલીક જગ્યાએ આવેગને આવેશ સાથે જોડી દેવામાં આવે છે. પણ આવેશ એ આવેગ દ્વારા પ્રભુનિકટ જવાની યોગ્યતા તો પ્રાપ્ત થાય જ છે જે ખરેખર તો ભક્તિ સહજપ્રેમનું જ પરિણામ છે. પણ આ ભક્તિમય વિરહઆવેગ તો અજ્ઞાનનાં અંધકાર નો નાશ થાય ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે. જે ક્રમે ક્રમે સ્મરણ, કીર્તન ત્થા સૈદ્ધાંતિક પુનરાવર્તનના મનનથીજ પ્રાપ્ત થાય. જુઓ , સિધ્ધાંત એટલે સિધ્ધ + અંત. અંતે સિધ્ધ પ્રસ્થાપિત થયેલું તથ્ય. પુષ્ટિમાર્ગનાં સંદર્ભમાં કહીએ તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બ્રહ્મસુત્રો, વેદો ત્થા ગીતાજીનાં બ્રહ્મ વાક્યોનાં કઠોર મનોમંથન બાદ અંતે જે સિદ્ધ કર્યું , એ શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદના સરળ સાહજિક રૂપે અસ્તિત્વમાં આવેલાં

પુષ્ટિભક્તિમાર્ગનાં તથ્યો. જેમાં ભક્તિ કે જે નિઃસ્વાર્થ અને દીનતા પૂર્વકની હોય તેને સર્વોત્કૃષ્ઠ સ્થાન આપી એને ધારણ કરવાની આજ્ઞા કરાઈ. ભક્તિ સહજ પ્રાપ્ય છે. અને ભક્તિ દ્વારા જ પ્રભુમિલનનું અંતર નિરંતર ઘટે છે. અને આખરે સ્વરૂપાનંદનો અવર્ણનીય લ્હાવો પ્રાપ્ત થાય છે. અને આવેશ રૂપી દુર્લભ અવસ્થા પ્રાપ્ત થાય છે. જો સિદ્ધાંતોની સ્પષ્ટ અને શુદ્ધ સમજ હોય તો અનાયાસે જ આ ભાવો જાગ્રત થાય છે. અને લઈ જાય છે. પરમાનંદનાં વિશાળ સમુદ્ર ભણી ! પણ આજની પરિસ્થિતિમાં આ બધું તો 'ઝાંઝવાના જળ' જેવું દુર્લભ છે. આજે તો સ્થિતિ એ છે કે નીતિનિયમો, રસમો પ્રણાલિકાઓ કે જે ગૌણ વસ્તુઓ છે , એને જ મુખ્ય લક્ષ બનાવી વૈશ્નવો એવા તે ગુંચવાયા છે કે એમાંથી જ બહાર નીકળવું મુશ્કેલ થઈ પડ્યું છે.

અને વધુમાં કટેલાક સ્વાર્થીઓ આ પરિસ્થિતિનો લાભ લઈ પોતાના અહંને પોષાવા કે સ્વને સ્થાપવા આમાં નવા નવા તર્કવિતર્કો કરી આ જાળને વધુ અટપટી બનાવી દે છે. આપણી વિવેકર્દષ્ટિ દિશાહીન થઈ ગઈ છે. સૈધ્ધાંતિક સત્યતા શોધવા તથા એના ઊંડાણમાં જવાનું સામર્થ્ય આપણે ખોઈ રહ્યા છીએ. અને ખરુ કહીએ તો આજે વૈશ્નવને એ ગમતુ નથી. કારણ સ્પષ્ટ છેઃ અત્યારનાં ઘોર અશાંત યુગમાં સહેજ પણ આનંદનું ટીપું મળે તો એ જ પરમાનંદ સ્વરૂપે ગ્રહણ થાય છે. મેં પહેલાં જે ભગવદીયો સંવાદ આપ્યો એનો જ દાખલો લ્યો. ખરી રીતે પાઠ કરવા પાછળ શું હેતુ છે એની પરવા કર્યા વિના ફક્ત સંસ્કૃતનાં શ્લોકો એ પણ અશુધ્ધ, જેમ ફાવે એમ બોલીને કલાકો પાઠ કરવાનો કોઈ જ મતલબ નથી. એનું પરિણામ શૂન્ય જ આવે.

કોઈ લાભનો તો પ્રશ્ન જ નથી રહેતો. હા , યોગનાં નિયમ મુજબ લૌકિક શાંતિ ત્થા સ્થિરતા જરૂર પ્રાપ્ત થાય. પણ શું આપણે એ માટે વૈશ્નવ બન્યા છીએ ? બ્રહ્મસંબંધ વખતે લીધેલી પ્રતિજ્ઞા ભુલી ગયા કે શું ? અરે, થોડું વિચારીએ-આપણે શું કરી રહ્યા છીએ ? પાઠ કરવાનું માહાત્મ્ય તો સમજીએ ? એ કેટલી અલૌકિક અને પ્રભુનું સન્મુખત્વ પ્રાપ્ત કરાવતી પ્રક્રિયા છે. જો યોગ્ય રીતે એનો ઉપયોગ કરાય તો ! જુઓ પાઠ કરવાનો મુખ્ય હેતુ સૈધ્ધાંતિક મનનનો છે. જેના દ્વારા ચિત્તની પ્રભુનાં

ચરણારવિંદમાં દ્રઢતા વધુ સબળ બને. કોઈપણ અર્થની જાણકારી વિના માત્ર સંસ્કૃત ભાષામાં હોઠ ફફડાવવાથી કંઈ જ પ્રાપ્ત થતું નથી. એમાંય વળી કેટલાક કહે કે "ભાઈ, મહાપ્રભુજીની વાણી છે, એના સ્સરણ માત્રથી ધન્યતા પ્રાપ્ત થાય." હા, સાચું જરૂર જો ખરેખર વાણી હદયારૂઢ થઈ થઈ જાય તો ! તો 'ભૈયા ક્યા કહેના ! ' ભયો ભયો થઈ જાય. જડતાનાં બંધ દ્વાર ખુલી જાય. અજ્ઞાનનો અંધકાર ઓગળી જાય. પણ....જ્યાં માત્ર ભાષા, અભિવ્યક્તિ અને વાણી ત્રણેય સર્વથા ભિન્ન છે. એ ત્રણેયનો સમન્વય એટલે શ્લોક.

મનુષ્યને અત્યંત બુદ્ધિશાળી પ્રાણી કહેવાયો છે. મનુષ્યએ પ્રાણનાં પ્રવાહને નિયંત્રીત કરીને નાદ ઉત્પન્ન કર્યો. આ નાદમાં વિશિષ્ટ વિક્ષેપ દ્વારા વિવિધ સ્વર ઉત્પન્ન થયા. જેની વ્યવસ્થિત ગોઠવણી એટલે ભાષા. ભાષા અભિવ્યક્તિનું સાધન છે. અને વાણી એટલે જેના દ્વારા મનોભાવ વ્યક્ત થાય એ અભિવ્યક્તિ. હવે કહો , પાઠનું માહાત્મ્ય કેવી રીતે સિદ્ધ થાય ? પુરાતન કાળમાં સંસ્કૃત ભાષા પ્રચલિત હતી એટલે આચાર્યજીએ પોતાનો ઉપદેશ એ ભાષાવિશેષમાં કર્યો. આજે આપણે માત્ર ભાષાને જ મહત્વ આપી પાઠ કર્યા કરીએ તો પછી શ્રીંહાપ્રભુજીની સૈદ્ધાંતિક સમજ આપતી દિવ્ય વાણીનું શું ?

ટૂંકમાં જો આપણી મનઃસ્થિતિ સ્પષ્ટ અને નિર્મળ હોય ત્યારે જ સિદ્ધાંતમાં ઊંડા ઉતરવાની ત્થા તેના દ્વારા પુષ્ટિરસપાન કરવાની યોગ્યતા મળે. આ યોગ્યતા મેળવવા ચાલો હવે વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવી આગળ વધીએ.

**હવે તો જાગીએ !!!**